

# ROSHNI

## Reaching Out to Serve Humanity with New Initiatives

## અમારા વિષે :

PRABHAT EDUCATION FOUNDATION – AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી છે.

**September 2024 | Issue No. 58 | A monthly newsletter**

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન દ્વારા સમાવેશી સમુદાય માટે પ્રભાત દ્વારા થતી પ્રક્રિયાઓને અહી રજુ કરી છે. જેમાં બાળકો તથા સમુદાય સાથેના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકશો.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

**કિરણભાઈ એ પ્રભાતના ખરા અર્થમાં ‘ કિરણ ’ બન્યા છે એમાં બે મત નથી.**

પ્રભાતના કાર્યક્ષેત્રમાં જયારે સમુદાય સાથે મળવાનું થાય ત્યારે આપને એક નામ તો ચોક્કસ સંવાદમાં સાંભળવા મળે. કિરણભાઈ. સમુદાય આધારિત પુન:વસન કાર્યક્રમના જાણે તેઓ પર્યાય છે. પોતાની કોઠાસૂઝ, હિમ્મત ને લીધે આજે અનેક વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને તેના પરિવારના જીવનમાં જે પરિવર્તન આવ્યું છે. તેમાં ચોક્કસ તેઓ એ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અગત્યની ભૂમિકા ભજવી છે.

આ ક્ષેત્રમાં જોડાઈ રહેવામાં એમનાં મોટીવેશન વિષે વાત કરતા કિરણભાઈ કહે છે કે, ‘ મે જે મુશ્કેલીઓનો સામનો કર્યો છે તે અન્યને ન કરવો પડે તે માટે કશુક કરવું એવું હંમેશા હતું અને પ્રભાતના માધ્યમથી આ લક્ષ્યને પૂર્ણ કરી રહ્યો છું તેનો સંતોષ છે.’ 12માં ધોરણ પછી ડીઝલ મેકેનિકમાં આઈ.ટી.આઈ. કર્યા બાદ શારીરિક મર્યાદાને લીધે પોતાની કારકિર્દી આ દિશામાં આગળ નહિ વધી શકે એવું એમને લાગ્યું. પરંતુ તેઓ અટક્યા નહિ અને સદવિચાર પરિવાર વિકલાંગ પુન: વસન કેન્દ્રમાં બુક બાઈન્ડીંગ અને સ્ક્રીન પ્રિન્ટીંગનો કોર્સ કર્યો. શિક્ષક અને ત્યારબાદ, ગૃહપતિ તરીકે લાંબા ગાળે કાર્ય કર્યા બાદ, સમુદાય માટે કશુક કરવાનું ખૂટી રહ્યું છે તેનો એમને અહેસાસ સતત થતો હતો. આખરે એમની કારકિર્દીનો બીજો તબક્કો શરુ થયો જેને આજે 15 વર્ષ થઇ ગયા છે.

પ્રભાત સંસ્થામાં તેઓ સમુદાય આધારિત પુન:વસનના કાર્યક્રમ (સી.બી.આર.) માં જોડાયા. આગળ શિક્ષકની નોકરી અને આ કાર્ય તદન વિપરીત હતું. પરંતુ સમુદાય માટે કંઈક કરવાની ભાવના અને ટીમના સહકારથી તેઓ ખુબ જ જલ્દી આ કાર્ય માટે તૈયાર થઇ ગયા. મેડીકલ સર્ટીફીકેટ થી લઈને, રેલ્વે અને સ્ટેટ ટ્રાન્સપોર્ટેશન માટેના પાસ, સરકારી યોજનાઓ અને એ માટે જરૂરી દસ્તાવેજો, વોકેશનલ માટે તેમણે સમુદાયની સાથે સાથે સરકાર સાથે પણ નજીકથી કાર્ય કરતા ગયા. કાર્યના અનુભવ વિષે વાત કરીએ તો તેઓ સરકારી વિભાગ સાથે કાર્ય કરવાની એમની આવડત અને સંબંધ સ્થાપનને લીધે એક એવી વ્યવસ્થા ઉભી કરી શક્યા છે જેને લીધે બને એટલી સમયસર વહીવટીય પ્રક્રિયાઓ થઈ શકે. સાથે સમુદાયના લોકો સંસ્થા પર આધારિત ન રહે તે માટે ચોક્કસ પ્રક્રિયા એમણે કરી. જેમકે, પહેલે સરકારી વિભાગમાં સાથે જવું, માર્ગદર્શન આપવું. ત્યારબાદ, અમુક કાર્ય તેમને સ્વતંત્ર રીતે કરાવવા સમજ આપવી. જયા ધીરે ધીરે વ્યક્તિને સક્ષમ બનાવવાનો અભિગમ તેમણે અપનાવ્યો.

બાળક/ વ્યક્તિના લાંબા ગાળાના વિકાસ અને પુન:વસન માટે તેઓ બહોળા દ્રષ્ટિકોણથી વિચારે છે અને એ જ મુજબ તેમનો અભિગમ રહે છે. કોઈપણ વ્યક્તિ/ બાળક પરિવાર સાથે તેમણે કામચલાઉ સંપર્ક નથી રાખ્યો. સમુદાય સાથે એમના આ કાર્યના સ્વભાવ ને લીધે પણ વ્યક્તિ એમને ભુલી નથી. અને જયારે પણ જરૂર પડે ત્યારે સૌ પહેલા કિરણભાઈનું નામ એમના હોઠ પર આવે છે. આ પ્રકારના સંબંધો તેમણે અહી કમાવ્યા છે. તો સરકાર સાથે પણ તેમની આવડત અને પરિપક્વતાએ સંસ્થા માટે સહજ સંબંધો બનાવ્યાં છે.

ઉપરાંત, સરકારી યોજનાઓ અને દસ્તાવેજ માત્ર નહિ પણ બાળક છે તો તેના અભ્યાસ અને મોટા વ્યક્તિ છે તો તેની સ્થિતિને લઈને આજીવિકા માટેના વિકલ્પો માટે પણ તેઓ જોડતી કડી બન્યા છે. આ ઉપરાંત, પોતે વધારે અસરકારક રીતે પોતાની ભૂમિકા ભજવી શકે એ માટે સતત તેઓ નવું શીખતા રહે છે જેના ભાગરૂપે જ એમણે **Community Based Inclusive Development (CBID**) કોર્ષ કર્યો. એમની પ્રસંશનીય કામગીરી બદલ વિશાલવીન ફાઉન્ડેશન દ્વારા **GUARDIAN ANGEL Awards દ્વારા તેમને** સન્માનિત કરવામાં આવ્યા છે.આમ, કિરણભાઈ ખરા અર્થમાં પ્રભાતના ‘ કિરણ’ બની અનેક બાળકો / પરિવારના જીવનમાં અજવાળું પાથર્યું છે.








## કાર્યક્રમની ઝલક




**શિક્ષક દિવસની ઉજવણી** : ગુરુ-શિષ્ય નો સંબંધનો જોટો નહિ. અને તેનાથી કદાચ કોઈ મોટું પણ નહિ. પ્રભાતના બાળકો માટે પણ તેમના ગુરુ માટે સંબંધ તો કંઇક અલગ જ છે. પરિવારની જેમ પ્રેમ, મિત્રની મૈત્રીનો અનુભવ કરાવતો આ સંબંધ છે. દર વર્ષની જેમાં આ વર્ષે પણ દરેક સેન્ટરમાં શિક્ષક દિવસની ઉજવણી હોંશભેર કરવામાં આવી હતી. જેમાં આપણા બાળકો સ્પેશયલ એજ્યુકેટર, ફીઝીયોથેરાપીસ્ટ અને સપોર્ટ સ્ટાફ બન્યા હતા. બાળકની સાથે તેમની વાલી પણ તેમને આ રીતે જોઇને ખુબ જ ખુશ થયા હતા.




**ગણેશ ચતુર્થીની ઉજવણી** : દરેક પ્રવૃત્તિની સાથે બાળકને શીખવાની, થેરાપી ની પ્રક્રિયા કરવામાં આવે છે. જેથી બાળક ઉજવણીની સાથે કોઈ કુશળતા, મુલ્ય પણ તેમનામાં વિકસે એ અભિગમ હંમેશા કેળવાય છે. ગણેશ ચતુર્થી ની ઉજવણી માટે પણ આ વખતે પર્યાવરણને સાચવવાનાં મુલ્ય સાથે માટીનાં અને પીપળાના પાંદડામાંથી ગણેશજી મૂર્તિ બાળકોને શીખવવામાં આવી. ઉત્સાહભેર ઉજવણી દરેક સેન્ટરમાં કરવામાં આવી હતી.



**બડી ઈન્ટરેક્શન** : રીવર સાઈડ શાળાના 6 ગ્રેડના બાળકો અને પ્રભાતના બાળકોની આ સફર હંમેશા રોમાંચક હોય છે. દર વર્ષની જેમ એકબીજાને ઓળખવાના અને મિત્રતાના સેતુ બનવા માટે એમના દ્વારા ભાઈપુરા સેન્ટરની મુલાકાત કરવામાં આવી. જેમાં દરેક વિભાગમાં બાળકો વહેંચાઇ ગયા અને વિવિધ પ્રવૃતિઓ કરી હતી.



સમાવેશી સમુદાયની પરિકલ્પનામાં શાળાના બાળકો સાથે કાર્ય અસરકારક રહે છે. જેના ભાગરૂપે આ મહીને ઉદગમ હાઇસ્કુલના વિદ્યાર્થીઓ સાથે કોડિયા સજાવટની પ્રવૃત્તિ કરવામાં આવી. અહી 70 જેટલા બાળકો જોડાયા હતા.જેઓ પ્રભાતના કાર્યથી ખુબ પ્રભાવિત થયા હતા. જેઓ પ્રભાત સાથે અન્ય પ્રવૃતિઓ માટે ઉત્સાહ બતાવ્યો હતો.



**વોકેશનલ** : વોકેશનલ એ પ્રભાત અને બાળક બંને માટે અત્યંત મહત્વનો પડાવ છે. અહી સુધી પહોચેલા વ્યક્તિ જે તે કાર્યમાં ટકી રહે તે ખુબ મહત્વનું બની જતાં પ્રભાત ટીમ દ્વારા સમયાંતરે ફોલોઅપ કરવામાં આવે છે. કામ દરમ્યાન આવતી કોઈ પણ પ્રકારની અડચણને કઈ રીતે દુર કરવી એ ટીમનો હંમેશા ઉદેશ્ય હોય છે. જેના ભાગરૂપે કંપનીમાં વ્યક્તિ ને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોચવામાં મુશ્કેલી હોવાને લીધે તાત્કાલિક ધોરણે ઓછા ખર્ચમાં ઉપયોગી એવા બેસવાના પાટલામાં ટાયરને જોડવામાં આવ્યા છે. જેથી વ્યક્તિ એક જગ્યાએથી બીજી જગ્યાએ પોતાની રીતે આવી – જઈ શકે અને કાર્યમાં તેને કોઈ અડચણ ન આવે.

**પ્રભાત સેન્ટર અને રિસોર્સ રૂમમાં આવ્યા નવા સભ્યો:** પ્રભાતના વટવા સેન્ટર પર 4 બાળકોનું નવું એડમીશન થયું છે. જેમાં બે બાળકોને આંગણવાડીમાં પ્રવેશ ની પ્રક્રિયા કરવામાં આવી છે. ઉપરાંત, કાંકરિયા શાળા નંબર 8 ના રિસોર્સ રૂમ માં બે બાળકોનું એડમીશન થતા પ્રભાતના પરિવાર માં 6 બાળકોનો ઉમેરો થયો છે.

## હિમાયત (એડવોકસી )



**મુલાકાત** : અનંત નેશનલ યુનિવર્સીટીના ડીઝાઇન ડીપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ દ્વારા પ્રભાતના સેન્ટરની મુલાકાત લેવામાં આવી. આ ઉપરાંત, ફેલો અને તેમની ફેકલ્ટી દ્વારા પ્રભાતના વોકેશનલના બાળકોની મુલાકાત કરીને તેમના અને તેના પરિવાર માટે સંભવિત વ્યવસાય માટે અવસર અને કુશળતા બાબતની સમજ માટે કંપની અને સમુદાયમાં મુલાકાત કરવામાં આવી.




"સાથે મળીને સર્વસમાવેશક સમુદાયનું નિર્માણ"ની વિચારધારા માં નવા વ્યક્તિઓ જોડાય અને સફરમાં  સહભાગી બને એ ઉદેશ્યથી નવા લોકો સાથે સંવાદ ની પ્રક્રિયા નિરંતર ચાલુ હોય છે. જેના ભાગરૂપે વ્યક્તિને પ્રભાતના કાર્યની ઝાંખી મેળવવા માટે સેન્ટરની મુલાકાત પણ કરાવવામાં આવે છે. જેના ભાગ રૂપે વટવા સેન્ટર પર શ્રી પ્રેક્ષા અને શ્રી રચના દ્વારા મુલાકાત કરવામાં આવી હતી.

**ઇન્ટર્નશીપ** : નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ડીઝાઇન (NID ) દ્વારા સેરેબ્રલ પાલ્સી બાળક માટે ઊંચકવા, ચલાવવા અને તેને બેસાડવા માટે ત્રણ પ્રોટોટાઈપ બનાવવામાં આવ્યા. ત્યારબાદ, ફિલ્ડમાં તેનું ટેસ્ટીંગ પણ કરવામાં આવ્યું  છે. આ પ્રક્રિયા બાદ ત્રણેય પ્રોટોટાઈપનું નિષ્ણાંતોની હાજરીમાં પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું છે. જેમાં ફિલ્ડ અને વાસ્તવિકતાને ધ્યાને રાખીને તેમને અભિપ્રાય આપવામાં આવેલ છે. આ પ્રક્રિયા હંમેશા ડીઝાઇનના વિદ્યાથીઓ અને પ્રભાત બંને માટે શીખવાની રહે છે. મુખ્ય ઉદેશ્ય એ જ છે કે મુખ્ય ધારામાં વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળક / વ્યક્તિ માટે સંસાધનોની પહોંચ વધે અને તેમને વિકાસ માટે અવસરો પ્રદાન થાય.



STUDENTS WORK WITH NGOs FOR AFFORDABLE, USER-FRIENDLY SOLUTIONS

### NIDians design products for people with special needs

Parth.Shastri@timesofindia.com

In a world where children with disabilities and their parents face unique challenges, access to specialized exercise equipement is often limited to specialized institutions, and costs run into lakhs. A collaboration between students of product design at the National Institute of Design (NID) in Ahmedabad and local NGOs has led to innovative solutions. The students have created products that are affordable, low-maintenance and user-friendly, in partnership with organizations such as Prabhat, Utthan, Health and Care Foundation and BPA.

Gayatri Menon, course faculty, said that the exhibition of products was part of the Design for Special Needs initiative.

Students worked on projects to assist children with cerebral palsy and their caregivers. One such project was Navanu, by Ankit, Kriti, Pruthu, and Sanika, which focused on creating affordable seating and bathing solutions for children affected by the condition.

**TAAL-MEL | ADITHYAN, KAVISH, OMKAR, AND SHRIYANSH**

Shriyansh Gupta, the designer, explained that the therapy tool is specifically designed to help patients with spastic diplegia, a condition that hinders coordination of hand and leg movements. "Made with pulleys, fibreboard, ball bearings and rope, it is cost-effective and easy to use. It can replace gym equipment designed for the same purpose," he said.

**TITLI | NIMISHA SURESH AND ANITA KUSHUHA**

Designed as an upright mobility device, it has a harness that secures the head, neck and upper body to enable children with special needs to walk with the support of an adult. It can be used to facilitate exercise for children with cerebral palsy, said the designers.

**MAKESQUISH | SAI NIVEDITHA AND SHARVARI PAWADE**

Sharvari, a designer, has created a do-it-yourself (DIY) tent-making kit tailored for children with autism spectrum disorder (ASD). It is designed to offer sensory stimulation through various tactile experiences and has different surfaces that encourage children to walk on or touch them. "The LEDs light up, providing them a multi-sensory experience," she said.

**PANICOVER | YASHASWI**

The designer has created a wooden attachment for mobile phones to aid individuals with mental health issues, particularly those who experience panic attacks. The design of the attachment is based on exercises recommended by mental health professionals. "The user interacts with an interface on the phone's screen, tracing the design on the back of the phone with their finger while performing breathing exercises," he said.

**SHIKAN | SAIYAM, KHUSHI, AND DEEP**

Khushi Desai said individuals with Down's syndrome often create handicrafts that are then sold by NGOs. To facilitate making items using Origami, the team created a customized jig that allows for easy folding paper. "The jig can be used to make desk lamps, planters, diya packaging and lanterns," she said.

અમદાવાદ યુનિવર્સીટીના 12 વિદ્યાર્થીઓએ ઇન્ટર્નશીપ માટે પ્રભાતના ભાઈપુરા સેન્ટરની મુલાકાત લઇ સંસ્થા વિષે સમજ લીધી હતી. ઇન્ટર્નશીપ દરમ્યાન વિદ્યાર્થીઓ ક્યાં પ્રકારના વિષયો પર પ્રોજેક્ટ કરશે તે વિષયો નક્કી કરવામાં આવ્યા.  આ ઇન્ટર્નશીપનો સમય વિધાર્થીઓઓ માટે 30 કલાકનો રહેશે.



.



દાયત્વ ફાઉન્ડેશનના સભ્યો ભાઈપુરા સેન્ટરની મુલાકાત

## મારી વાત



**પ્રિન્સેસ વોક** : અમુક ક્ષણો જીવનભર એક સારી યાદમાં સ્થાન બનાવતી હોય છે. આવી ક્ષણોના અવસર ઉભા થવા એ પ્રભાતના બાળકો અને તેના પરિવાર માટે અમુલ્ય મૂડી સમાન છે. એવું જ 'પ્રિન્સેસ વોક' ના માધ્યમથી બની શક્યું. શ્રી ઝીલ અગ્રવાલના બુટીકની દસમી વર્ષગાંઠ નિમિતે પ્રિન્સેસ વોકનુ આયોજન કરવામાં આવ્યું. જેમાં તેમને વોક માટે પ્રેકટીશ થી લઈને તેમના કોસ્ચ્યુમ વગેરે બાબતો પર ખાસ ધ્યાન આપીને આયોજન થયું હતું.

અહી મુખ્ય ધારાના ચોક્કસ પ્રવૃતિઓની ધારણાઓ અમુક જ વર્ગના વ્યક્તિઓ માટે હોય એવી સંકુચિત માનસિકતાને તિલાંજલિ આપીને દરેક વ્યક્તિ માટે સમાન અવસરનો અહી નવો ચીલો શરુ કર્યો. જેને લીધે ખરા અર્થમાં સમાવેશી સમુદાય માટે આ એક આવકારદાયક પહેલ બની હતી

**વિજ્ઞાન મેળાની મુલાકાત** : કાંકરિયા શાળા નંબર 8 માં આયોજિત વિજ્ઞાન મેળા ની મુલાકાત ઉત્સુકતાથી બાળકો સાથે વાલીઓએ પણ મુલાકાત લીધી. નવું જાણવાની કુતુહલતા અહી બાળકોમાં દેખાઈ તો અન્ય બાળકોએ પણ તેમને સરળ ભાષામાં એની સમજુતી આપી બંને વચ્ચે અર્થસભર સંવાદ થઇ શક્યું હતું.





દિવ્યાંગ છાત્રો પ્રાણી સંગ્રહાલયની મુલાકાતે

દક્ષિણ ઝોનની મ્યુનિ. શાળાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોએ કાંકરિયા તળાવ પરિસરમાં આવેલા પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી હતી.

**પ્રાણી સંગ્રહાલયની રિસોર્સ રૂમના બાળકોની રોમાંચક મુલાકાત** :

કાંકરિયા શાળા નંબર 8ના રિસોર્સ રૂમનાબાળકોએ કાંકરિયા તળાવ અને તેના પ્રાણી સંગ્રહાલયની મુલાકાત કરી હતી. અહી અન્ય રિસોર્સ રૂમના બાળકો પણ હતા જેને લીધે નવા મિત્રોને મળવાનો અવસર બન્યો હતો. બાળકના સર્વાંગી વિકાસમાં આ પ્રકારની પ્રવૃતિઓ ખુબ જ અસરકારક બને છે. અને બાળકોને બહારના વાતાવરણ સાથે તાલમેલ માટે એક એક્સોપોઝર પણ મળે છે.

## ઘરોબો

**ભાઈપુરા સેન્ટર ના બાળકો દ્વારા સ્થાનિક ગણેશ પંડાલ ની મુલાકાત** : સમુદાયમાં જાગૃતિ અને સંવેદનશીલતા વિકસિત થાય તે ઉદેશ્યથી સમયાંતરે પ્રભાત દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. ગણેશ ચતુર્થીનાં અવસરે ભાઈપુરા વિસ્તારના એક સ્થાનિક યુવા મંડળ સાથે સંપર્ક કરી પ્રભાત વિષે માહિતી આપવામાં આવી. અને બાળકોને ગણેશજીના પંડાલની મુલાકાત કરવામાં આવી. અહી બાળકોનું સ્વાગત કરવામાં આવ્યું અને નવા બનેલા આ સેન્ટરમાં યુવા મંડળ દ્વારા સહકાર આપવામાં આવશે એવી વાત કરવામાં આવી.



**વર્કશોપ** : કિરણભાઈ મોદી દ્વારા 10 કિશોરીઓને 40 -40 સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ, તેમની માતાઓ સાથે પ્રભાત ટીમ દ્વારા પીરીયડ સંબંધિત બાળકીઓ માટે ધ્યાનમાં લેવાની બાબતો સંદર્ભે બેઠક કરવામાં આવી. તથા તેમને આવતી મુશ્કેલીઓ સાંભળી તેના ઉકેલો માટે માર્ગદર્શન ટીમ દ્વારા આપવામાં આવ્યું.



**દવા વિતરણ** : કે.ડી. ફાઉન્ડેશન દ્વારા એપીલેપ્સી કેમ્પ બાદ, 9 બાળકો માટે તેમની ડોકટર દ્વારા સૂચિત કરાયેલ દવાનું વિતરણ વાલી સાથે કરવામાં આવ્યું. અને ક્યારે અને કેવી રીતે આ દવા લેવી તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું.

## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ -03, રેલ્વે પાસ માટેના ફોર્મ -04, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -06, પેન્શન માટેના ફોર્મ -05 , આધાર કાર્ડ -01 માટે પ્રક્રિયા કરવામાં આવી.

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org